


"હદ કરી નાંખી તમે તો..."

"કેમ આટલા બધા અકળાયા છો ?!"

"અકળાય જ ને સાહેબ... સત્તાનો બેફામ દુરૂપયોગ આવો ક્યારેય જોયો નથી..!"

"હેં...હેં...હેં..! તમે તો ક્યારેય દુરૂપયોગ કર્યો જ નહીં હોય..?! દસ વર્ષમાં સદઉપયોગ... સદઉપયોગ જ કર્યો છે..!"

"અરે તમે સમજતા જ નથી... અને તમારી જ ચલાયે રાખો છો... બેંગલુરૂમાં ગુજરાત કોંગ્રેસના ૪૨ ધારાસભ્યો રહે તે રીસોર્ટના માલિકના ત્યાં દરોડા પાડવાનું આ જ સમયે તમને યાદ આવ્યું..?! ત્રીસ વર્ષમાં ક્યારેય ના પાડ્યા..?! આજે જ ડરાવવાનો... ધમકાવવાનો સમય આવ્યો..! કારણ...કે એમાં ધારાસભ્યો છે એટલે જ ન..?!"

"સાહેબ આટલા બેબાકળા ના થાઓ..."

"બેબાકળા નહીં ભાઈ... આ તો સરેઆમ લોકશાહીનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે...! તમારે દરોડા જ પાડવા હતા તો ચાર દિવસ પછી અથવા ચાર દિવસ પહેલા પાડવા હતા.. આજે જ મુહૂર્ત આવ્યું..!!"

"સાહેબ આ તો રૂટીન છે... તમે જોયું નહિ પાંચ કરોડ રૂપિયા રોકડા પકડાયા..?!"

"ભઈ તમે તો કાબા છો... જેને પકડવો હોય.. જે કેસમાં પકડવો હોય... અને જ્યાં પકડવો હોય... તેમાં તમારી ફાવટ છે."

"એટલુ બધુ નહીં હોં... એટલું બધું નહીં..."

"...એવું જ... એવું જ... સાહેબ. ભુલી ગયા તમે પેલા હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીને ત્યાં દિકરીના લગ્ન સમયે જ ઈડીનો અને આઈટીના દરોડા નથી પડાવ્યા તમે..?! એવો તો આખો ઈતિહાસ છે... ક્યાં કાદવ ઉલેચવો..!!"

"હા તમારે ત્યાં રેલો આવ્યો છે એટલે ઉકળ્યા છો..! પણ આ બધુ તો રાજકારણનો ભાગ છે..!"

"સાહેબ... આવું રાજકારણ ના હોય..! કોઈને ડરાવવાનું... કોઈને ધમકાવવાનું... કોઈને બ્લેકમેઈલ કરવાનું... આવું લાંબુ નહી ચાલે સાહેબ..."

"...એટલે હવે તમે શિખવાડશો..!!"

"સાહેબ... શિખવાડવાની વાત નથી... લોકશાહીની આચારસંહિતા છે... વિરોધ પક્ષોને તોડી નંખાશે તો લોકશાહી નબળી પડશે. તંદુરસ્ત વ્યુહરચના... તંદુરસ્ત ચર્ચા... અને તંદુરસ્ત સ્પર્ધા લોકશાહીના મુખ્ય અંગો છે.... પૈસાથી પ્રજાના પ્રતિનિધિઓ ખરીદવાથી ચૂંટણીઓ જીતાય છે... પણ પ્રજા હારે છે, લોકશાહી હારે છે... આ બેહદ ચિંતાજનક છે."

"હા... સાહેબ...! સાચી વાત છે તમારી... લોકશાહીના ચારેય સ્તંભોને મજબુત બનાવવાની આવશ્યકતા આજે જેટલી છે તેટલી સ્વતંત્ર ભારતમાં ક્યારેય સર્જાઈ નથી..!"

"હા... સાહેબ... એટલે જ કહું છુ... ચૂંટણી જીતીએ કે હારીએ એ મહત્વનું નથી... મહત્વનું એ છે કે લોકશાહી જીતવી જ જોઈએ..."

- નિમિત્ત માત્ર

# ગાંધીનગરનો જન્મદિવસ સાદગીપૂર્વક ઉજવાયો

**સ્થાપના દિવસે સ્વચ્છતાના મામલે નગરનુ સ્થાન અવલ્લ રહે તેવો સંકલ્પ : શહેર વસાહત મહામંડળે કેક કાપ્યા વિના જીઇબી ખાતે સાદગીથી નગરના સ્થાપના દિવસની ઉજવણી કરી : પુરગ્રસ્ત સ્થિતિમાં અવસાન પામેલા મૃત્કોને મૌન પાળી શ્રધ્ધાંજલી**



ગાંધીનગર તા ૨

જી ઇ બી ખાતે આજે કેક કાપ્યા વિના સાદગીપુર્વક નગરના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય બાદ પુરની સ્થિતિમાં અવસાન પામેલા મૃત્કોને શ્રધ્ધાંજલી અર્પવા માટે એક મિનિટનુ મૌન પાળવામાં આવ્યુ હતુ. આ તબક્કે ઉપસ્થિત મહાનુભાવોએ નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે જનજાગૃતિ કેળવાય અને કલીન સીટી તરીકે નગરને અવલ્લનંબરનુ સ્થાન મળે તે દિશામાં સહયોગ આપવા જણાંવ્યુ હતુ. જયારે નગરમાં જોખમી બનતી પૈડા પરની જિન્દગીને અનુલક્ષી માર્ગ અકસ્માતો અટકે તે દિશામાં પણ યોગ્ય પ્રયાસ કરવા જણાંવાયુ હતુ. શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી ખાતે પ્રથમ ઈંટ મુકાઇ હતી તે સ્થળે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ નગરના જન્મદિવસ નિમિત્તે શહેરની પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના ૫૩માં જન્મદિવસની ઉજવણી અન્વયે નગરની પ્રથમ ઈંટ મુકાઇ હતી તેવા

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાપના દિવસની ઉજવણીમાં એકપણ કોર્પોરેટરો ડોકાયા નહીં !

ગાંધીનગરના સ્થાપના દિવસની સાદગીપુર્વકની ઉજવણીમાં ભાજપ કે કોંગ્રેસના એક પણ નગરસેવકો ડોકાયા ન હતા. શહેરના વિકાસની વાતો કરી પ્રજાપાસેથી મત બટોરતા અને સ્થાનિકોના પ્રશ્નોના નિરાકરણ માટેની ગુલબાંગો હાંકતા કોર્પોરેટરો ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણીથી જાણે અળગા રહયા હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. નગરના જન્મદિવસની વાત હોય ત્યારે નગરના વિકાસની સાથે નાગરિકોના પ્રશ્નોના ઉકેલનુ ચિંતન કરવાના પ્રસંગે નગરસેવકોની ગેરમોજુદગી નોંધપાત્ર બની હતી. આડા દિવસે નાનીનાની વાતોમાં સતત ફોટોજનિક બનતા નેતાઓ સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગીદાર ન બનતા સ્થાનિક અગ્રણીઓમાં પણ અનેક સવાલો મંડરાયા હતા.સાદગીપુર્વકની ઉજવણીમાં શહેરની પ્રગતિ અને વિકાસની આશ સાથે શુભેચ્છા વ્યકત કરવાના મામલે પણ નગરસેવકો ઉદાસની રહયા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

# બનાસકાંઠા-પાટણ માટે વિશેષ સહાય પેકેજ તૈયાર કરાઈ રહ્યું છે

**આજે રાત્રે પાલનપુર ખાતે મળેલી બેઠક : શુક્રવારે મંત્રીમંડળની મંજૂરી બાદ તેની ઘોષણા થશે : પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રમુખ વાઘાણી, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે સહિત ગાંધીનગરની ટીમ પણ પાટણ-બનાસકાંઠા પહોંચી**

ગાંધીનગર, તા. ૨

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણમાં થયેલા જળસંકટને લઈ આ બે જિલ્લાઓ માટે ખાસ સહાયનું પેકેજ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યુ છે અને તેની ઘોષણા શુક્રવારે રાજ્યમંત્રીમંડળની બેઠક બાદ કરવામાં આવશે.

સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર આજે રાત્રે આ સહાય પેકેજની ચર્ચા માટે પાલનપુર ખાતે એક મહત્વની બેઠક મોડી રાત્રે શરૂ થઈ છે. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસુલમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મંત્રીઓ હાજર રહ્યા છે.

દરમ્યાન રાજ્ય સરકારે બનાસકાંઠા અને પાટણને ડિઝાસ્ટર એફેકટેડ એરિયા તરીકે ઘોષિત કરતુ એક ખાસ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કર્યુ છે. આ જાહેરનામુ ૧લી ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ સુધી અમલમાં રહેશે.

રાજયના મુખ્યમંત્રી છેલ્લા ૪ દિવસથી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સતત કાર્યરત છે. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ ત્યાં જઈ આવ્યા છે.

બીજી તરફ આજે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અને ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, મેયર પ્રવિણભાઈ પટેલ, શહેર ભાજપના બિપીનભાઈ રાવલ સહિતના કાર્યકરો પણ પાટણ અને બનાસકાંઠામાં પૂરગ્રસ્તોની સહાય માટે પહોંચ્યા છે.

# જિલ્લામાંથી સ્વાઈન ફલુના ૪ કેસ મળ્યા : તંત્ર હરકતમાં

**ગાંધીનગરના સરગાસણ, જમિયતપુરા તથા નાના-ચિલોડામાંથી એક-એક અને કલોલના સબાશપુરમાંથી એક કેસ મળ્યો : જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુના ૪ કેસ મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે. જિલ્લામાં આ સાથે આ સિઝનમાં સ્વાઈન-ફલુના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે.

વરસાદના વિરામ પછી જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે અને બીજી તરફ તંત્રના અધિકારીઓ સબસલામતના દાવા કરી રહ્યા છે.

કલોલમાં ઝાડાના કેસો નોંધાવવાનો સિલસિલો આજેપણ ચાલુ રહ્યો છે. જો કે તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને પરિસ્થિતિ ઝડપથી પૂર્વવત્ બની જશે.

દરમ્યાન આજે કલોલ તાલુકાના શબાશપુર ગામેથી એક સ્વાઈન ફલુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. ૬૦ વર્ષની વયના આધેડને અગાઉ દાખલ કરાયા હતા અને સારૂ થતાં રજા અપાઈ હતી પરંતુ ૩૦મીએ પુનઃ દાખલ કરી તપાસ કરાવતાં તેમને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકામાંથી પણ ત્રણ કેસ સ્વાઈન ફલુ પોઝીટીવના મળી આવ્યા છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ત્રણેય દર્દીની સ્થિતિ સારી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આધાર ડાયસની ઓનલાઈન ડેટા એન્ટ્રી માટે શાળાઓની ઉદાસીનતા

**ઈન્ટરનેટ ઉપયોગમાં જિલ્લો ૨૯મા ક્રમે આવ્યો**

ગાંધીનગર, તા. ૨

આધાર ડાયસ માટેની ઓનલાઈન એન્ટ્રી ૨૦૧૭-૧૮માં શાળાકક્ષાએથી જ કરવા માટેના હુકમો સરકારના શિક્ષણ વિભાગે કરી દીધા છે પરંતુ ગાંધીનગર જિલ્લામાં ઘણી બધી સ્કૂલોએ આ કામગીરી હજુ સુધી શરૂ નહિ કરી હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે શાળાઓમાં થતા ઈન્ટરનેટના ઉપયોગ અંગે પણ તાજેતરમાં એક ઓનલાઈન સર્વે વિભાગ દ્વારા કરાયો હતો જેમાં જિલ્લાનો ક્રમ ૨૯મો આવ્યો હતો.

જિલ્લામાં શાળાઓમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધાઓ પુરી પાડવા છતાં દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા સામે શિક્ષણતંત્રએ ગંભીર નોંધ લીધી છે એટલુ જ નહિ હવે આ માટેની ગ્રાન્ટમાં પણ કાપ મૂકવા સહિતના આકરા નિર્ણયો લેવાશે તેવા સંકેત પણ તંત્રના અધિકારીઓને આપી દેવામાં આવ્યા છે.

સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોના નામ સહિતનો ઓનલાઈન ડેટાબેઈઝ 'Aadhar Enable DISE' સિસ્ટમ વર્ષ ૨૦૧૨-૧૩થી કાર્યરત છે. વર્ષ ૨૦૧૬-૧૭થી ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં શાળામાં દાખલ કરવા, દિવ્યાંગ બાળકોને સહાય, સ્કોલરશિપ આપવા તથા ગુણોત્સવ દરમ્યાન દરેક બાળકનું ઓએમઆર બેઝ લર્નિંગ લેવલ માલુમ પડે તે માટે ઉપયોગ કરવામાં આવે છે, આ માટેનો ડેટા માત્ર આધાર એનેબલ ડાયસમાંથી લેવામાં આવે છે.

આધાર એનેબલ ડાયસ અંતર્ગત ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા તમામ બાળકોની માહિતી સાચી, સચોટ, ભૂલરહિત, રીયલ ટાઈમ અને અદ્યતન મળી રહે તે હેતુથી ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮થી દરેક શાળા કક્ષાએથી જ ઓનલાઈન એન્ટ્રી અને અપડેશનની કામગીરી કરવાની રહેશે. આ કામગીરી અન્વયે દરેક શાળાએ ધો. ૧માં નવો પ્રવેશ મેળવેલ બાળકોની માહિતીની એન્ટ્રી, ગતવર્ષ એન્ટ્રી કરેલ બાળકોની માહિતીનું અપડેશન અને અન્ય શાળામાંથી આપની શાળામાં પ્રવેશ મેળવેલ બાળકોની માહિતીની એન્ટ્રી કરવાની થાય છે.

# વિશિષ્ટ સંસ્કૃત સેવાવ્રત સન્માનથી ભાગ્યેશ જહાને સન્માનવામાં આવશે

**રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા દ્વારા નવમીએ આ વિશિષ્ટ સન્માન કરવામાં આવશે : જહાની પસંદગીથી ગાંધીનગર શહેર-જિલ્લામાં ખુશીનો માહોલ**

ગાંધીનગર, તા. ૨

રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાને આજે ભાગ્યેશ જહાને "વિશિષ્ટ સંસ્કૃત સેવાવ્રતી સન્માન"થી નવાજવાની જાહેરાત કરી છે.

શ્રી જહાની પસંદગી રાષ્ટ્રીય કક્ષાએથી થતાં જિલ્લાના



સંસ્કૃતપ્રેમીઓમાં તથા સાહિત્યજગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. શ્રી ભાગ્યેશ જહા બી.એ. વીથ સંસ્કૃત ગુજરાત યુનિવર્સિટીમાં થયા છે અને તેમને કીરીટ સૌમૈયા ગોલ્ડ મેડલ સહિત સાત મેડલ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

જિલ્લાના નારદીપુર ખાતે જન્મ થયો હતો અને સરઢવમાં તેમને પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ મેળવ્યુ હતુ. આ પછી અમદાવાદની સ્વામિનારાયણ કોલેજમાં વ્યાકરણાચાર્ય ભગવતીપ્રસાદ પંડ્યાના હાથ નીચે સંસ્કૃત સાથે ગ્રેજ્યુએશન કર્યું હતું. તેમણે આકાશવાણી પરથી પ્રસારિત થતા "સંસ્કૃત પાઠ"માં ભાગ લીધો હતો.

ભગવદ્ ગીતા પર જબરજસ્ત પક્કડ ધરાવતા ભાગ્યેશ જહા સારા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં ૧૨ વર્ષમાં ૪૬૫૩નો ભોગ લેવાયો

**વર્ષ ૨૦૧૬ માં જ જિલ્લામાં ૨૪૮નુ મોત થયુ હતુ, જયારે શહેરમાં ૨૮ વ્યક્તિઓ ભોગ બન્યા હતા**

ગાંધીનગર તા ૨

શહેરમાં વાહનોની સંખ્યા વધતા માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. પીક અવર્સમાં મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો પણ ગાંધીનગરમાં જોવા મળી રહયા છે. આવા સંજોગોમાં જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષમાં ૪૬૫૩ વ્યક્તિઓએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. નગરના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે શહેર વસાહત મહામંડળ દ્વારા અકસ્માત અટકાવવા જનજાગૃતિ કેળવાય તેવા આશયથી પત્રિકાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં વર્ષ ૨૦૧૬ દરમિયાન માત્ર શહેરમાં જ ૨૮ વ્યક્તિઓ માર્ગ અકસ્માતમાં મોત નિપજયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આગામી વર્ષમાં માર્ગ અકસ્માતથી થતા મૃત્યુ અટકાવવા માટે જનજાગૃતિ કેળવવાની સાથે યોગ્ય પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી પણ શુભેચ્છાઓ આ તબક્કે વ્યકત કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનોના લીધે અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ છે. જયારે છેલ્લા કેટલાક વર્ષોથી માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા પીક અવર્સમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ખાડે ગયેલી પાર્કીંગ વ્યવસ્થા પણ ટ્રાફિકની પેચીદી સમસ્યા માટે જવાબદાર છે. ત્યારે છેલ્લા ૧૨ વર્ષમાં જિલ્લામાં માર્ગ અકસ્માતો સંખ્યાબંધ બનાવોમાં ૪૬૫૩ વ્યકિતઓનુ મોત નિપજયુ છે. ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષ ૨૦૧૬ દરમિયાન માર્ગ અકસ્માતમાં ૨૪૮ વ્યક્તિઓના મોત નિપજયા હતા. જયારે શહેરમાં જ ૨૮ વ્યક્તિઓ મોતને ભેટયા હતા. શહેરમાં પહોળા માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે.

બેફામ જતા વાહનો ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જે છે. ત્યારે માર્ગ સલાતમીને સ્પર્શતા પ્રશ્નોનુ પણ નિરાકરણ આવ્યુ નથી. નગરના ક્રોસ માર્ગો પર અકસ્માતો વિશેષ થાય છે.ત્યારે મુખ્ય માર્ગો પડતા કટ બંધ કરી દેવાના મામલે પણ હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. નગરના સ્થાપના દિવસે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આગામી દિવસોમાં માર્ગ અકસ્માત અટકાવવા માટે યોગ્ય પગલા લેવાય તેમજ નગરજનો જાગૃત થાય તેવી પણ આશા વ્યક્ત કરી છે. આ માટે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી આજે મહામંડળ તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ અને પ્રાદેશિક વાહન વ્યવ્હારની કચેરીના સહયોગથી પત્રિકાનુ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ.

# શહેર-જીલ્લામાં શ્રાવણના સરવરીયા

ગાંધીનગર, તા.૨

અષાઢ માસમાં અનરાધાર વરસ્યા બાદ શ્રાવણના પ્રારંભે ધીમી ધારના વરસાદી ઝાપટા ચાલુ રહ્યા છે. શ્રાવણના સરવરીયાથી શહેરમાં ઠંડક જળવાઈ રહી છે.

સીઝનના પ્રારંભે તોફાની બેટીંગ કરનાર મેઘરાજા હવે ધીમા પડયા છે. શ્રાવણ માસના પ્રારંભે શહેરમાં ધીમી ધારનો વરસાદ ચાલુ રહ્યો છે. ઉઘાડ નીકળ્યો છે પરંતુ વાદળોની અવરજવર વચ્ચે ઝાપટા યથાવત રહ્યા છે. વાદળોના નાના મોટા જથ્થાની અવરજવર દિવસ દરમિયાન એકાદ બે ઝાપટા પાડી જાય છે. ઝાપટાના કારણે ઠંડક છવાઈ ગઈ છે. વરસાદી ઝાપટાના કારણે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા છે. જેના કારણે મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદના કારણે મોસમનો કુલ વરસાદ ૯૪૦ મીમી સુધી પહોંચ્યો છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com